SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 5. ઉત્તર ગુજરાતનાં આદિવાસી સમાજની લોકસંસ્કૃતિ

ડૉ. સંજીવની એસ.સુવેરા

ભારતના આદિવાસીઓ માટેનું બંધારણીય નામ અનુસુચિત આદિજાતિઓ છે . આદિવાસીઓ જંગલો અને પહાડી પ્રદેશોમાં તેમજ પ્રાકૃતિક રીતે અલગતા ધરાવતા પ્રદેશોમાં વસવાટ કરે છે . તેઓને જુદાજુદા નામે ઓળખાય છે . આદિવાસીઓને 'ગિરીજનો' , 'વનવાસી' , 'મૂળવતનીઓ ' તરીકે ઓળખવામાં આવે છે . આદિવાસીઓ માટેના પ્રચલિત નામોમાં વન્યજાતિ ' વનવાસી , પહારી , આદીમજાતિ ,આદિવાસી , આદિજાતિ, અનુસુચિત આદિજાતિ વગેરે નામોનો સમાવેશ થાય છે . આ બધા નામોમાં 'આદિવાસી ' શબ્દ સૌથી વધુ પ્રચલિત છે .

મુકરજી : " આદિવાસી એ પ્રદેશ , ભાષા , સામાજિક નિયમો આર્થિક પ્રવૃતિમાં સમાનતા ધરાવતું પ્રાદેશિક જૂથ છે . "

આદિમ સંસ્કૃતિ જ માનવ સંસ્કૃતિનુ મુળ છે . આદિવાસી સાહિત્ય સર્જન આદિવાસી અને બિનઆદિવાસીઓ દ્વારા સર્જાયું છે . તેમાં ઓછેવતે અંશે આદિવાસીઓ પ્રત્યેની સંવેદના , સહાનુભુતિ અને આંતરજગત પણ દેખાય છે . પરંતુ કોઇપણ પ્રજા વિશેષની અંદરથી જ સર્જાયેલું સાહિત્ય જે રીતે તેમનું આંતર જગત ખુલ્લું કરે છે તે અન્યત્ર મળવું મુશ્કેલ છે . આ વાત આદિવાસીઓ જેવા પરંપરાગત સમુહોને મુખ્યત્વે લાગુ પડે છે . આ સાહિત્ય લેખિત કે મૌખિક હોઈ શકે. પરંતુ ભૂતકાળમાં આદિવાસીઓમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ જ નહીવત હોય ત્યાં આદિવાસીઓ પોતે , પોતાની વેદના – સંવેદના , સુખદુ:ખને વાચા ક્યાંથી આપી શકે ? એક આશ્ચર્યજનક લાગે તેવી વાત એ છે કે ગાયકવાડી કલ્યાણ નીતિઓને પરિણામે ભણેલા આદિવાસીઓએ પોતાની વેદના - સંવેદના લેખિત સ્વરૂપે દર્શાવી . લોકસાહિત્યએ અતિ પ્રાચીન સ્ત્રોત છે . સમય જતા એમાં સ્વરૂપ – વિકાસ પણ સાધાયો છે . દરેક સમાજ પાસે પોતાની પરંપરાગત ભાષામાં લોકસાહિત્ય છુપાયેલું છે. આદિવાસી સમાજ પાસે પણ મૌખિક સાહિત્ય છે . એ જોતા આદિવાસી લોકસાહિત્યનું સ્વરૂપ પણ વ્યાપક છે . આદિવાસી સાહિત્ય તેમના જીવન સાથે વણાયેલુ છે . જન્મથી લઇ ને મૃત્યુ સુધીના અનેક જીવન પ્રસંગો એમની સંસ્કૃતિ સાથે જોડાયેલા છે . આદિવાસી લોકવાર્તા અને લોકકથાનું ભાવજગત પણ અદભુત છે . આદિવાસી સમાજ પાસે કથાતત્વનો મોટો ભંડાર છે . જે બાળકો , યુવાનો તથા વડીલોનેય ગમે છે . ઇતિહાસના માહિતી સ્ત્રોત તરીકે આવા સાહિત્યની અવગણના પાલવે નહિ . આદિવાસી લોકસાહિત્ય , મૌખિક સાહિત્ય ખુદ આદિવાસીઓ દ્વારા સર્જાયું છે . તેથી તેમાં આદિવાસીઓનું આંતર જગત સાંગોપાંગ વ્યક્ત થયું છે .આદિવાસી સાહિત્યના અભ્યાસ ધ્વારા આદિવાસી સંસ્કૃતિ અંગે માહિતી મળે છે .

આદિવાસી સમાજો વૈવિધ્યસભર હોય છે , ધરતીના કયા ભાગમાં અને કુદરતની કેવી પરિસ્થિતિઓમાં તેઓ ઉછર્યા છે તેની ઉપર તેમના શારીરિક દેખાવ બંધારણ, રહેઠાણ ખોરાક વેશભૂષા, કલાકૌશલ્ય , ધર્મ , સંગઠન , રમતગમત વગેરે આધાર રાખે છે . જન્મ ,લગ્ન , મરણ વગેરેને લગતા સામાજિક રીતરિવાજો અને ધાર્મિક ક્રીયાકાડમાં વપરાતી વસ્તુઓ પણ ભૌગોલિક સંપતિને અનુકુળ હોય છે . આદિવાસી જૂથના નાનામોટા કદના અપવાદ સિવાય વિશ્વના બધા સમજોને કુદરતને સર્જક અને વિનાશક પરિબળો સાથે સામંજસ્યમાં અને સંઘર્ષમાં જીવન ટકાવી રાખવું પડે છે . આદિવાસી મૌખિક સાહિત્ય એ માત્ર સાહિત્ય કે આનંદ પ્રમોદનું કે ગમ્મતનું સાધન નથી . તેમાં આદિવાસી જીવનદર્શન સમાયેલું છે . તે જન્મથી લઈને મૃત્યુ સુધી અને સવારે ઉઠવાથી લઈને ઉંઘવા સુધીની આદિવાસી સામાજિક પ્રક્રિયાનો ઉતમ ચિતાર આપે છે . આદિવાસી લોકો પોતાની વિશિષ્ટ ભૂમિ અને પર્યાવરણમાં ભોગવેલા જીવનના અનુભવોના આધારે સમાજસ્વીકૃત નીતિ નિયમોની મર્યાદામાં રહીને પોતાની લોકવિદ્યા - લોકસાહિત્યનું શાસ્ત્ર રચે છે . જે મૌખિક અને પરિવર્તિત હોય છે . આદિવાસી લોકસાહિત્ય જીવનની સમગ્રતાનું સાહિત્ય છે . લોકસાહિત્ય ધ્વારા તેમની સંસ્કૃતિ પેઢી દર પેઢી જળવાઈ રહે છે .

ઉત્તર ગુજરાતનાં આદિવાસીઓમાં પિતૃસ્થાની, પિતૃસત્તાક અને પિતૃવંશીય કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે . ઉત્તર ગુજરાતનાં તેમજ પંચમહાલના ભીલ , પટેલીયા , ગરાસિયા વગેરે આદિવાસીઓમાં અલગ અલગ અટક જોવા મળે છે . આ અટક અથવા કુળ

ઘણીવાર સાચા અથવા કાલ્પનિક પુર્વજના નામ અથવા કોઈ આકસ્મિક ઘટના પરથી પડેલા હોય છે . સામાન્ય રીતે તેમના કુળ અથવા ગોત્ર બહિર્લગ્ન પ્રથા જોવા મળે છે . કેટલાક સ્થળે ગ્રામ બહિર્લગ્ન પ્રથા પણ ખાસ કરીને વિધિસરના લગ્નમાં જોવા મળે છે . આ આદિવાસીઓમાં પ્રચલિત લગ્ન પ્રકારોમાં માતાપિતા અને વરકન્યાની સંમતિથી થતાં લગ્નને સૌથી વિશેષ પ્રાધાન્ય આપવામાં આવે છે . માતાપિતાની સંમતિથી અથવા સંમતિ વિના માત્ર વરકન્યાની પસંદગીથી થતાં 'પલાયન લગ્ન' પણ ઘણીખરી આદિવાસી જાતિઓમાં જોવા મળે છે . કન્યાના માતાપિતાની ઈચ્છા વિરુદ્ધ અને કેટલીકવાર કન્યાની ઈચ્છા વિરુદ્ધ પણ થતા 'અપહરણ લગ્ન ' સમાજમાન્ય લગ્ન તરીકે ભીલ , રાઠવા , નાયક , પટેલિયા અને ગરાસિયા વગેરે જાતિઓમાં એક કાળે પ્રચલિત હતા . તેનાં કેટલાક અંશો આજે પણ કેટલાક વિસ્તારમાં જોવા મળે છે .

આદિવાસીઓ લોકસંગીત , લોકનૃત્યો , લોકકળા અને લોકસાહિત્યના ભવ્ય વારસાના પ્રહરીયો છે . એક પણ અપવાદ સિવાય સર્વ આદિવાસી જાતિઓમાં આ પરંપરા સચવાઈને પડી છે . ઉત્તર ગુજરાતના આદિવાસીઓ ખુબ ઉત્સવ પ્રિય જોવા મળે છે. સાબરકાંઠાના ગુણભાખરી ગામે હોળી પછી યોજાતો ચિત્ર- વિચિત્રનો મેળો આદિવાસી લોકોનો ખુબ મોટો મેળો છે. જેમા આ વિસ્તારના ભીલ અને ગરાસિયા આદિવાસી લોકો ભાગ લે છે. અહી સાબરમતી, આકુળ અને વ્યાકુળ એમ ત્રણ નદીના સંગમ પાસે એક વિશાળ મંદિર આવેલુ છે. આ મેળો આદિવાસીઓના પુર્વજોને યાદ કરીને તેમની પૂજા કરવા માટે યોજાય છે. અંબાજીમા અખાત્રીજનો મેળો ભીલ ગરાસિયા જાતિ ધ્વરા ઉજવાય છે . શામળાજીમા નાગધરાનો મેળો ભરાય છે. જેમા ભીલ કે ગરાસિયા આદિવાસી લોકો મોટા સમુહમા ભેગા થાય છે અને પૂજા પ્રાર્થના કરે છે.

ઉતર ગુજરાતનાં આદિવાસી જાતિજૂથોના પોતાના આગવા જાતિપંચો છે . આ જાતિપંચો તેમના સમાજના સંચાલન અને નિયમનનું કાર્ય કરે છે . રિવાજો , પ્રથાઓ , લગ્ન , છૂટાછેડા , પુનર્લગ્ન, દહેજ વગેરે વિશે સમયે સમયે ફેરફાર કરવાનું કે સુધારા વધારા કરવાનું પણ તે કરે છે. સામાજિક આર્થિક વિવાદોનો નિકાલ મુખ્યત્વે આ પંચ મારફતે કરવામાં આવે છે . આવું પંચ સામાન્ય રીતે ફળિયા કે ગ્રામસ્તર પર અને સમગ્ર જાતિના વસવાટ વિસ્તારના બૃહદ સ્તર પર કામ કરતુ જોવા મળે છે . સાબરકાંઠાના ભીલો, ગરાસિયા અને પંચમહાલના ભીલોમા તે જોવા મળે છે . રાજસ્થાનની સરહદ પરના બનાસકાંઠા જીલ્લાના પાલનપુર તાલુકાના અમીરગઢ – વિરમપુર વિસ્તારમાં તેમજ દાંતા તાલુકામાં અને સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા , વિજયનગર ,ભિલોડા અને મેઘરજ તાલુકામાં ડુંગરી ગરાસિયા જૂથ શબ્દ હેઠળ આવરી લેવાતી અર્ધોએક ડઝન જેટલી આંતરલગ્નો ધરાવતી ગરાસિયા આદિવાસી જાતિઓ વસે છે. પંચમહાલમાં ભીલોની સૌથી વિશેષ વસ્તી છે . દાહોદ , લીમખેડા , લુણાવાડા , સંતરામપુર તાલુકામાં પટેલીયા આદિવાસીઓની મુખ્ય વસ્તી નોધાયેલી છે .ઉત્તર ગુજરાતનાં ભીલ , પટેલીયા , ગરાસિયા , રાઠવા, વસાવા વગેરે આદિવાસીઓના ખેતરે ખેતરે છૂટાછવાયા ઘર જોવા મળે છે .

ઉત્તર ગુજરાતનાં આદિવાસીઓ વન્યધર્મી છે . પરંપરાગત રીતે તેઓ પહાડ ,ઝાડ, ગુફા , નદી , ઝરણાં વગેરેને પૂજે છે .તેમના દેવસ્થાનો ખુલ્લી જગ્યાએ હોય છે . બાંધેલા મંદિરો ભાગ્યે જ જોવા મળે છે . તેમનું ધાર્મિક જીવન વિવિધ દેવદેવીઓ , ભુતપ્રેત , પિતૃપૂજા , ભગત – ભુવા તથા કેટલીક ધાર્મિક માન્યતાઓ ઉપર આધારિત હોય છે . મૃતાત્માનો ભય તેમને સતત સતાવે છે . પિત્તૃઓમાં તેઓ ગુઢ શક્તિઓનું આરોપણ કરે છે . અને રોગ ,આફત, મુશ્કેલી તેમની નાખુશીને કારણે છે એમ તેઓ માને છે . તેથી વારતહેવારે , પ્રસંગે તેમની પૂજા કરી તેમને ખુશ રાખવાનો પ્રયત્ન કરે છે . આમ આદિવાસીઓ પરંપરાગત દેવ દેવીઓમાં ગોત્ર કે કુળના દેવો ઉપરાંત વન , વનસ્પતિ , પ્રકૃતિ અને પ્રાણી સુષ્ટિ સંબધિત દેવોને ખાસ સ્થાન હોય છે .

તેઓના ધાર્મિક જગતમાં ભગત ભૂવાનું ઘણું મહત્વ છે . ભૂવો લોક અને પરલોકના સંબંધો જોડનારો, જીવનની તમામ બાબતોમાં માર્ગદર્શન આપનારો માંદગીમાં ચિકિત્સક અને દવા આપનારો , દેવપૂજા , ધાર્મિક તહેવારો અને તેમની પૂજાનો આયોજન કરનારો , લોકોની વાતો દેવદેવીઓ આગળ મુકનાર અને દેવદેવીઓની વાત લોકો આગળ રજુ કરનારો પ્રતિનિધિ હોય છે , તે તંત્રમંત્ર જાણનારો હોઈ સાપ , વીંછી , ભુતપ્રેત , પશુરોગ વગેરેના નિવારણમાં મદદરૂપ થનારો હોય છે . આથી તે અત્યંત આદરણીય , વિશ્વાસપાત્ર અને અસરકારક પ્રભુત્વવાળો નિ:સ્વાર્થ સેવક મનાય છે .ગરાસિયા આદિવાસી જૂથોમાં મૃતદેહને અગ્નિદાહ અપાય છે . અથવા ભૂમિદાહ – દફન પણ થાય છે . સમગ્ર કુળના મૃતાત્માઓની સામુહિક તર્પણવિધિની 'સમૂહશ્રાદ્ધ' , ' પરજણ ' જેવા નામે ઓળખાતી વિધિ જોવા મળે છે.

ઉત્તર ગુજરાતની વિવિધ જાતિઓ હિંદુ ધર્મની પ્રબળ અસર હેઠળ આવેલી જોવા મળે છે . તેમના સંસ્કૃતિકરણની પ્રક્રિયા ચાલુ થઇ છે . સાબરકાંઠા જીલ્લાના ભિલોડા , વિજયનગર તથા મેઘરજ અને શામળાજીના ગરાસિયા આદિવાસી વિસ્તારમાં , પંચમહાલના

ઝાલોદ તાલુકામાં છેલ્લા દાયકાઓમાં અને ૧૮૫૫ થી ઉતર ગુજરાતમાં મિશનરીનો પ્રવેશ થયો હોઈ બધા જ જીલાઓમાં ખ્રિસ્તીકરણ થયું છે અને ખ્રિસ્તી ધર્મની અસર વિસ્તરતી જાય છે . જે અંગે આદિવાસીઓએ જાગૃત થવાની ખુબ જ જરૂરિયાત છે . કેટલાક આદિવાસીઓ પોતાની મૂળ આદિવાસી સંસ્કૃતિ છોડીને અન્ય સંસ્કૃતિના મુલ્યો અપનાવી રહ્યા છે .

સંદર્ભ સુચી -

શાહ વિમલ -ગુજરાતના આદિવાસીઓ

આદિલોક, વર્ષ -૧૬ , અંક – ૪